# RTI કાયદો નહોર વગરના વાઘ જેવો બની ગયો છે



કોઈ પણ લોકશાહીમાં મતદારો પાસે સૌથી સબળ હથિયાર સરકાર કઈ રીતે કામ કરે છે તે જાણવાનો અધિકાર છે. જો સરકારની દરેક યોજના અને તેના અમલ બાબતમાં સરકાર દ્વારા જ પ્રજાને પ્રમાણભૂત માહિતી મળતી રહે તો પ્રજા તે યોજનાનું પોતાની રીતે મોનિટરિંગ કરતી રહે અને તેમાં ક્યાંય પણ ભ્રષ્ટાચાર જોવા મળે તો તેને ઉજાગર કરી શકે છે. ભારતમાં




UPAના રાજમાં જાહેર માંગણી પર માહિતી મેળવવાના અધિકાર (RTI) નો કાયદો બન્યો હતો, જેને કારણે UPAના જ રાજમાં સરકારના અબજો રૂપિયાના કૌભાંડો બહાર આવ્યાં હતાં. આ કાયદો ભાજપ સરકારને આંખનાં કણાંની જેમ ખૂંચતો હોવાથી તેણે તેને તદ્દન પાંગળો બનાવી દીધો છે. આ કાયદો હવે જનતાથી વધુ ને વધુ દૂર થતો જાય છે. 12 ઓક્ટોબર, 2005ના રોજ અમલમાં મુકાયેલો આ કાયદો એવા તબક્કે પહોંચી ગયો છે જ્યાં તે લગભગ નકામો થઈ ગયો છે. આ કાયદાનું નજીકથી નિરીક્ષણ કરતાં RTI કાર્યકરો માને છે કે આ કાયદાએ તેની ધાર ગુમાવી દીધી છે. સરકારોએ તેને નિષ્ક્રિય બનાવવામાં કોઈ કસર છોડી નથી. તાજેતરના સુધારા તેના સંપૂર્ણ નાશ તરફનું એક પગલું છે.

કેન્દ્રીય માહિતી આયોગના તાજેતરના વાર્ષિક અહેવાલ મુજબ 2023-24માં 17.5 લાખથી વધુ RTI અરજીઓ મળી હતી, જે 10 વર્ષ પહેલાં મળેલી અરજીઓ કરતાં લગભગ બમણી છે. આ વર્ષે નકારવામાં આવેલી RTI અરજીઓની સંખ્યા 67,615 થી વધુ હતી, જે અત્યાર સુધીની સૌથી વધુ છે. આયોગના ડેટા દર્શાવે છે કે RTI અરજીઓ વર્ષ-દર-વર્ષ વધી રહી છે, જે નાગરિકોની માહિતી માટેની ભૂખને પ્રતિબિંબિત કરે છે, પરંતુ શું આ અરજદારોને સાચી અને ઈચ્છિત માહિતી મળી રહી છે? માહિતી મેળવવાનો અધિકાર કાયદાનો ઉપયોગ કરીને પુસ્તક લખનારા સંજય બાસુ માને છે કે માહિતી મેળવવી વધુ ને વધુ મુશ્કેલ બની રહી છે. અધિકારીઓએ આ કાયદાનો ડર ગુમાવી દીધો છે.

RTIનો ઉપયોગ કરીને પત્રકારત્વ કરતાં અફરોઝ આલમ સાહિલ કહે છે કે એ કહેવું ખૂબ જ દુઃખદ છે કે છેલ્લાં 20 વર્ષોમાં RTI કાયદો પ્રગતિ કરવાને બદલે પાછળ રહી ગયો છે. જરૂર હતી કે કાયદાને મજબૂત બનાવવામાં આવે પરંતુ પરિસ્થિતિ તદ્દન વિપરીત છે. UPA સરકાર દરમિયાન પણ RTIની સ્થિતિ સંતોષકારક ન હતી, છતાં આ કાયદાને કારણે મોટાં કૌભાંડોનો પર્દાફાશ થયો હતો. 2014માં સત્તા પરિવર્તન પછી વડા પ્રધાન મોદીએ પારદર્શિતા અને જવાબદારીનું વચન આપ્યું હતું. આજે સરકાર ફક્ત તે વચનોથી પાછળ હટી નથી, પરંતુ તે અવરોધો ઊભા કરીને કાયદાને નબળો પાડવામાં પણ વ્યસ્ત છે. સૌથી ગંભીર ચિંતા એ છે કે કોઈ માહિતી સરળતાથી ઉપલબ્ધ નથી.

**કેન્દ્રીય માહિતી આયોગના તાજેતરના વાર્ષિક અહેવાલ મુજબ 2023-24માં 17.5 લાખથી વધુ RTI અરજીઓ મળી હતી, જે 10 વર્ષ પહેલાં મળેલી અરજીઓ કરતાં લગભગ બમણી છે**

માહિતી મેળવવાના અધિકાર બાબતમાં કાયદો લાવવા માટે અનેક સંગઠનો દ્વારા લાંબી લડાઈ લડવામાં આવી હતી. તેનો પ્રારંભ 1990માં અરુણા રોય અને તેમના સાથીઓએ કર્યો હતો. તેમણે મે દિવસના રોજ રાજસ્થાનના રાજસમંદ

**ટાઈમ લાઈન**
**-સંજય વોરા**

જિલ્લાના દેવડુંગરી ગામમાં માટીના ઘરમાં મજૂર કિસાન શક્તિ સંગઠન MKSS ની રચના કરી. તેમણે સામાજિક સેવા કરવા માટે IAS ની નોકરી છોડી દીધી. મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી કાયદો (MGNREGA) અને માહિતી અધિકાર કાયદો આ ચળવળનાં પરિણામો છે. MKSS એ 2 ડિસેમ્બર, 1994ના રોજ રાજસ્થાનના પાલી જિલ્લાના કોટ કિરાણા ગામમાં યોજાયેલી તેની પ્રથમ જાહેર સુનાવણીમાં વિકાસ પ્રોજેક્ટમાં ભ્રષ્ટાચારનો પર્દાફાશ કર્યો.

આ જાહેર સુનાવણીએ માહિતીના અધિકારની માંગને મજબૂત બનાવી. 7 ડિસેમ્બર, 1994ના રોજ રાજસમંદ જિલ્લાના ભીમ શહેરમાં યોજાયેલી બીજી જાહેર સુનાવણીમાં મોટી સંખ્યામાં ભ્રષ્ટાચારના કેસોનો પર્દાફાશ થયો.

જાહેર સુનાવણીમાં જવાહર રોજગાર યોજના, અપના ગાંવ અપના કામ, તીસ જીલા તીસ કામ અને ઈન્દિરા આવાસ યોજનામાં ગેરરીતિઓની તપાસ કરવામાં આવી હતી. આ પ્રારંભિક જાહેર સુનાવણીની અસર એ થઈ કે ઘણા અધિકારીઓને ભ્રષ્ટાચારના ગંભીર આરોપોનો સામનો કરવો પડ્યો. આ જાહેર સુનાવણીના પરિણામે રાજસ્થાનના તત્કાલીન મુખ્યમંત્રી ભૈરોન સિંહ શેખાવતે રાજ્ય વિધાનસભામાં જાહેરાત કરી કે જનતાને પંચાયતી રાજ સંસ્થાઓની તમામ બાબતો અંગે માહિતી મેળવવાનો અધિકાર આપવામાં આવશે.

MKSSના પાયાના સ્તરે જાગૃતિ અભિયાન અને વ્યાપક કાર્યવાહી છતાં રાજસ્થાનમાં મુખ્ય મંત્રીની ઘોષણાના અમલીકરણ તરફ કોઈ નોંધપાત્ર પ્રગતિ થઈ ન હતી. 6 એપ્રિલ, 1966ના રોજ MKSS એ દબાણ લાવવા માટે બ્યાવરમાં અનિશ્ચિત સમય માટે વિરોધ શરૂ કર્યો. 1990ના દાયકામાં જ્યારે MKSS ચળવળ પૂરજોશમાં ચાલી રહી હતી, ત્યારે રાજસ્થાનની બહારનાં રાજ્યોમાં માહિતી મેળવવાના અધિકાર માટે ચળવળ શરૂ થઈ. મે 1997માં માહિતી અધિકાર કાયદો લાગુ કરનાર તમિલનાડુ સૌપ્રથમ રાજ્ય હતું. ગોવાએ તે જ વર્ષે ડિસેમ્બરમાં તેનું પાલન કર્યું. 2000માં રાજસ્થાન, કર્ણાટક અને મહારાષ્ટ્ર રાજ્યોમાં અને 2001માં દિલ્હીમાં માહિતી અધિકાર કાયદો અમલમાં આવ્યો. નેશનલ કન્વેન્શન ફોર પીપલ્સ રાઈટ ટુ ઈન્ફર્મેશન (NCPRI) એ માહિતી અધિકાર કાયદાનો પ્રથમ ડ્રાફ્ટ તૈયાર કર્યો. અંતે ભારતની સંસદે 12 મે, 2005ના રોજ આ કાયદો પસાર કર્યો.

અફરોઝ કહે છે કે છેલ્લા કેટલાક મહિનામાં મેં એક પત્રકાર તરીકે ઘણી RTI અરજીઓ દાખલ કરી છે, પરંતુ મને મળેલી માહિતી સંપૂર્ણપણે અસંતોષકારક રહી છે. આનું સૌથી મોટું કારણ એ છે કે માહિતી અધિકારીઓએ જવાબદારીનો ડર ગુમાવી દીધો છે. તેઓ જાણે છે કે જો તેઓ માહિતી નહીં આપે તો પણ તેમને કોઈ પરિણામ ભોગવવું પડશે નહીં, કારણ કે અરજદારનો એકમાત્ર ઉપાય માહિતી આયોગને અપીલ કરવાનો છે, પરંતુ ત્યાં પણ પરિસ્થિતિ એવી છે કે લાખો કેસ પેન્ડિંગ છે અને નિર્ણયો આવવામાં વર્ષો લાગે છે. વધુ ચિંતાજનક બાબત એ છે કે પોલીસ માહિતી શોધનારના ઘરે પહોંચી જાય છે. પરિણામે સામાન્ય નાગરિકો RTIનો ઉપયોગ કરવામાં ડર અનુભવી રહ્યા છે.

# નાટ્યકલા: એક વિજ્ઞાનસભર સર્જન

નાટકને આપણે સામાન્ય રીતે કળા ગણીએ છીએ કારણ કે એમાં લાગણીઓ, કલ્પના, અને અભિવ્યક્તિનો અદ્ભુત સંગમ છે. પરંતુ જો આપણે થોડું ઊંડાણમાં જઈએ, તો ખ્યાલ આવે છે કે નાટક માત્ર કલ્પનાની ઉપજ નથી. એ એક સુવ્યવસ્થિત વિજ્ઞાન પણ છે. પ્રકાશ ક્યાંથી આવે, સંગીતનો વિનિયોગ કેવી રીતે થાય, દૃશ્યબંધના (set) સિદ્ધાંતો કઈ રીતે ધ્યાનમાં રાખવા, વેશભૂષા (costumes) રંગભૂષાનો (make અપ) પાત્રોચિત અને કેન્દ્રભાવને ધ્યામાં રાખી તેની રચના કરવી એ બધું પણ એક ગણિત છે. એટલે નાટકને સમજવા માટે કળા અને વિજ્ઞાન બંનેની આંખથી જોવું જરૂરી બને છે.

ગુજરાતી નાટ્યવિદ્યાએ આ દ્વંદ્વને સુંદર રીતે જોડ્યો છે. અહીંના વિદ્વાનોએ નાટકને ફક્ત પ્રદર્શન રૂપે નહીં પરંતુ અભ્યાસ, સંશોધન અને વિચારના વિષય તરીકે પણ વિકસાવ્યું છે. અનેક પુસ્તકોનો આધાર લઈ




ખાસ કરીને ગુજરાતી ભાષામાં યુનિવર્સિટી ગ્રંથ નિર્માણના ત્રણ ગ્રંથો પ્રોફેસર માર્કંડ ભટ્ટનું "નાટ્યનિર્માણ", પ્રોફેસર યશવંત દામોદર કેળકરનું "રંગતંત્ર", અને ડો મહેશ ચંપકલાલ શાહનું "નાટ્ય પ્રયોગ"નાટ્યવિદ્યાને વિચાર, વિજ્ઞાન અને અનુભવના ત્રણ સ્તરો પર સમૃદ્ધ બનાવે છે.

## નાટ્યનિર્માણ વિચારનું વિજ્ઞાન

પ્રો. માર્કંડભટ્ટે "નાટ્યનિર્માણ"માં નાટકનાં નિર્માણની સમગ્ર પ્રક્રિયા સમજાવી છે. દિગ્દર્શક ફક્ત કલાકારોને માર્ગદર્શન આપતો વ્યક્તિ નથી પરંતુ તે વિચારોને દૃશ્યરૂપ આપતો સર્જક છે. તેની કલ્પના, દૃષ્ટિકોણ અને તર્ક એ નાટકની આત્મા બને છે. આ ગ્રંથ બતાવે છે કે દિગ્દર્શન કોઈ સહજ પ્રેરણા નથી એ પદ્ધતિ છે. ભટ્ટ સાહેબે વાસ્તવવાદી, પ્રતીકવાદી, અભિવ્યક્તિવાદી જેવી અનેક શૈલીઓ દ્વારા દિગ્દર્શકની કાર્યપદ્ધતિ કેવી રીતે બદલાય છે, તેનો ઊંડો અભ્યાસ કર્યો છે. એથી સમજાય છે કે દિગ્દર્શકને માનસશાસ્ત્ર, દૃશ્યસૌંદર્ય અને સમાજશાસ્ત્ર ત્રણેયની સમજ જરૂરી છે. "નાટ્યનિર્માણ"આ ત્રણેય વચ્ચેનું સંતુલન જાળવવાનું વિજ્ઞાન શીખવે છે.

## રંગતંત્ર દૃશ્ય સૌંદર્યનું વિજ્ઞાન

પ્રો. યશવંત દામોદર કેળકરનું "રંગતંત્ર"ગ્રંથ નાટ્યનિર્માણના ટેક્નિકલ પાસાઓ પર આધારિત છે. પ્રકાશયોજન, રંગયોજન, ધ્વનિપ્રયોગ, વેશભૂષા અને મંચવ્યવસ્થા આ બધું નાટકના દૃશ્યપ્રભાવને નિર્ધારિત કરે છે. આ પુસ્તકમાં રંગોના માનસિક પ્રભાવ, પ્રકાશનાં ઉદ્ગમ અને તીવ્રતાનો તર્ક, તથા ધ્વનિનાં માપ અને તેની દિશા અંગે વિસ્તૃત ચર્ચા છે. મંચ પર પ્રકાશ કેવી રીતે એક પાત્રનો ભાવ વધારે છે અથવા સંગીત કેવી રીતે દૃશ્યની લય બનાવે છે તે ઉદાહરણોથી સમજાવવામાં આવ્યું છે.

"રંગતંત્ર" વાંચતાં ખ્યાલ આવે છે કે મંચ પરનું સૌંદર્ય સહજ નથી, તે વિચારીને બનાવેલું વિજ્ઞાન છે. રંગો ફક્ત દેખાવ માટે નહીં, પરંતુ ભાવનાને વ્યક્ત કરવા માટે ઉપયોગી છે. એ રીતે આ ગ્રંથ દિગ્દર્શકને સમજાવે છે કે કળા પાછળ પણ ચોક્કસ નિયમો અને ટેકનિકલ ગણિત છે.

**આ ત્રણેય ગ્રંથો નાટ્યવિદ્યાના ત્રિકોણ સમાન છે. "નાટ્યનિર્માણ" વિચારની ઊંડાઈ આપે, "રંગતંત્ર દૃશ્યસૌંદર્ય"નો આધાર આપે છે અને "નાટ્યપ્રયોગ" એ બંનેને જીવંત બનાવે છે. ત્રણે મળીને નાટ્યકલાને સંપૂર્ણતા આપે છે**

**કર્ટનકોલ**
**- ગિરિશ સોલંકી**

## નાટ્યપ્રયોગ અનુભવનું વિજ્ઞાન




ત્રીજો ગ્રંથ "નાટ્યપ્રયોગ"સૌથી જીવંત અને કાર્યાત્મક છે. અહીં નાટ્યકલાનો પ્રયોગાત્મક પાસુ સ્પષ્ટ દેખાય છે. નાટકનું શિક્ષણ ફક્ત વાંચનથી પૂરું થતું નથી તે સમજાય ત્યારે જ જ્યારે તેને મંચ પર જીવી લેવામાં આવે.

આ ગ્રંથ રિહર્સલની પ્રક્રિયા, કલાકારની તૈયારી, સંવાદનાં તાલ-લય અને મંચગતિની સમજ આપે છે. દિગ્દર્શક અને કલાકાર વચ્ચેનો સંવાદ કેવી રીતે મંચ વિશ્વને જીવંત કરે છે, એ અહીં અનુભૂતિરૂપે રજૂ થયું છે. આ ભારતીય નાટ્યપરંપરા અને ભરત નાટ્યશાસ્ત્રને સંદર્ભમાં વિકસાવવામાં આવ્યું છે. "નાટ્યપ્રયોગ"એ લેબોરેટરી જેવી જગ્યા છે, જ્યાં વિચાર અને ટેકનિક બંનેને અજમાવવામાં આવે છે. અહીં ભૂલ પણ શિક્ષક છે અને સુધારો પણ સર્જનનો ભાગ છે. આ ગ્રંથ શીખવે છે કે નાટક જીવંત થાય છે ત્યારે જ જ્યારે સિદ્ધાંત પ્રયોગમાં ઉતરે.




## કળા અને વિજ્ઞાનનો સંગમ

આ ત્રણેય ગ્રંથો નાટ્યવિદ્યાના ત્રિકોણ સમાન છે. "નાટ્યનિર્માણ" વિચારની ઊંડાઈ આપે, "રંગતંત્ર દૃશ્યસૌંદર્ય"નો આધાર આપે છે અને "નાટ્યપ્રયોગ" એ બંનેને જીવંત બનાવે છે. ત્રણે મળીને નાટ્યકલાને સંપૂર્ણતા આપે છે.

નાટ્યકલા એ માનવીય અનુભૂતિનું વૈજ્ઞાનિક પ્રદર્શન છે. પ્રકાશ, અવાજ, ગતિ અને સંવાદ આ બધા તત્ત્વો ત્યારે જ અર્થ ધરાવે છે જ્યારે તેમાં લાગણીનો સ્પર્શ હોય. નાટકમાં જે દેખાય છે તે ફક્ત અભિનય નહીં, પણ વિચારોનું વિજ્ઞાન છે. નાટકને ફક્ત મનોરંજન કે કળા તરીકે નહીં, પરંતુ એક વિજ્ઞાનસભર સર્જન તરીકે જોવું જોઈએ જ્યાં ભાવના અને ટેકનિક, કલ્પના અને ગણિત, લાગણી અને લય બધું એક થઈને જીવંત અનુભૂતિ સર્જે છે. આવા નાટ્ય નિર્માણ, અભિનય,અને બીજા પાસાઓને લગતા સુંદર અને ઉપયોગી પુસ્તકો છે તેનો રસાસ્વાદ ક્યારેક કરીશું..

થર્ડ બેલ : કળા વિના નાટક નિર્જીવ બને, અને વિજ્ઞાન વિના વિખરાયેલું રહે. કળા ભાવ આપે છે, વિજ્ઞાન માળખું આપે છે અને એ બંનેનું મિલન જ સાચી રંગભૂમિ સર્જે છે.

## શબ્દ સાપ્તાહિકી

- અરવિંદ એસ. મારુ



**આડી ચાવી**

૧. વેચાણ ઉપરનું વળતર (૩)
3. પ્રધાન (૩)
૫. અવસ્થા, સ્થિતિ (૩)
૭. હેત, સ્નેહ (૩)
૯. બાગ, આનંદ(૩)
૧૦. શક, શંકા (૩)
૧૨. યોગ્ય (૩)
૧૩. રાતની ચોકી માટે ફરવું તે
૧૪. ઢગલો (૩)
૧૫. તાબે, આધીન (૨)
૧૬. તથ્ય (૨)
૧૭. વાંદરું (૨)
૧૮. ખુશ, પ્રસન્ન(૨)
૧૯. પાણીનો જળાશય(૪)
૨૧. અવાજ, ધૂન
૨૩. ઝટ, એકદમ (૩)
૨૫. જંગલી, વન્ય (૨)
૨૬ સારું વર્તન (૨)
૨૭. નુકસાન(૨)
૨૯. હિજરી સનનો પહેલો મહિનો(૪)
૩૨. ખામી, ઘટ, ખોટ(૩)
૩૪. છૂટું પાડવું તે(૪)
૩૭. સતત (૪)
૪૧. મોટાઇ (૪)
૪૪. ગગનમાં જનારું -૫
૪૭. પકડવાનું ઓજાર(૩)
૪૯ વારસ વિનાનું (૪)
૫૨. પાંચમું પાતાળ (૪)
૫૫. ઉંમર (૨)
૫૬. સેવક, નોકર (૩)
૫૮. ધરાયેલું, તાજું(૨)
૬૦. એક તોલ, વજન(૨)
૬૨. રેતીનું મેદાન (૨)
૬૩. કસબ, હુન્નર(૨)
૬૪. લશ્કરી વહાણ (૪))
૬૬. ખપ, જરૂર (૩)
૬૯. સોગન (૩)૭૧. આજ્ઞા, મનાઇ (૨)
૭૨. પાસા ફેંકીને ભવિષ્ય જોવાની વિદ્યા(૩)
૭૪. શુદ્ધ , ઉત્તમ (૩)
૭૭. ભાળ, શોધ (૩)
૭૮. સહેજ, થોડુંક(૨)
૭૯. મોભો (૩)
૮૨. ધૂળનો કણ (૩)
૮૩. ઋષિકપૂર-જયાપ્રદાની એક ફિલ્મ (૪)

**ઊભી ચાવી**

૧. ટેક, આબરૂ(૨)
૨. વેણ, કથન, પ્રતિજ્ઞા(૩)
૩. વૃક્ષોની લાંબી હાર (૩)
૪. અવાજ ધ્વનિ(૨)
૫. હિંમત(૨)
૬. શોધ, તપાસ-૩
૭. હેતુ, મુરાદ-૪
૮. સત્ય, સાચું (૨)
૧૧. ઢોર જેવું (૩)
૧૩. રોપેલું (૩)
૧૫. રોફ, આબરૂ(૨)
૧૮ રાત્રિ (૨)
૧૯. દહીંમાથી પાણી કાઢીને બનાવેલો ખાદ્ય પદાર્થ (૩)
૨૦. મકાન, ગ્રહ(૨)
૨૧. સરદાર, આગેવાન (૩)
૨૨. એક ગૃહ(૨)
૨૪. આનંદ, વિનોદ (૩)
૨૫. રસ્તે ચાલનાર (૪)
૨૭. પરાજય (૨)
૨૮. કવિતા કરનાર (૨)
૩૦. કુસ્તીબાજ, પહેલવાન (૨)
૩૧ ''...... ઔર ગીતા'' એક ફિલ્મ(૨)
૩૩. એક સરખું (૩)
૩૫. યોજના કરનાર (૩)
૩૬. નમેલું (૨)
૩૮. એક કંદમૂળ (૩)
૩૯. નસ, રકતવાહિની (૨)
૪૦. જમીન (૨)
૪૨. હોડ, કરાર (૩)
૪૩. નાશ પામેલું (૨)
૪૫. ચાલ, ઝડપ (૨)
૪૬. ગાનાર (૩)
૪૭. પડેલું, પાપી (૩)
૪૮. બીક, દહેશત (૨)
૫૦. હવા (૨)
૫૧. જયાં સીવ્યું હોય તે (૩)
૫૩. માવજત , સેવા (૪)
૫૪. થોડા વાળની સેર (૨)
૫૬. ચતુર (૩)
૫૭. પ્રથા, પદ્ધતિ (૩)
૫૯. પતિ (૩)
૬૧. પર્વત(૨)
૬૨. ધૂળ(૨)
૬૫. ખેલ (૩)
૬૭. સુંદર મનોહર (૨)
૬૮. કિનાર, કોર (૨)
૭૦. નજર, ધ્યાન(૩)
૭૧. અધીરું (૩)
૭૩. કપાળ, ભાલ (૩)
૭૪. ફૂલમાંની રજ (૩)
૭૫. બાળભાષામાં ચવાણું (૨)
૭૬. પ્રામાણિક (૨)
૮૦. હાજર કરેલું (૨)
૮૧. ''બોલે તેના .... વેચાય'' (૨)

## શબ્દ સાપ્તાહિકી ઉકેલ



## કાકુરો



» અહીં ૮x૯ના ખાનાવાળા ચોરસ આપેલ છે.
» ચોરસના અમુક ખાનામાં ત્રિકોણમાં અંક દર્શાવ્યા છે.
» બાકીનાં ખાલી ખાનામાં ૧ થી ૯ નો અંક આવી રીતે લખવો જેનો સરવાળો ત્રિકોણમાં આપેલ અંક જેટલો થવો જોઇએ.
» કોઇ પણ અંકનો બીજી વખત ઉપયોગ કરવો નહિ (એક જ સંખ્યામાં)

→ આડી લાઇન
↓ ઊભી લાઇન

## કાકુરો- નો ઉકેલ

